નવી બાબત ૨૦૧૫-૧૬

કમિશનરશ્રી, યુવક સેવાની કચેરીની યુથ બોર્ડ શાખાના મહિલા ઇન્ટરસ્ટેટ યુથ એક્ષચેન્જ પ્રોગ્રામની રૂા.૬/-લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,

રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ યસપ/૧૦૨૦૧૫/૨૧૭૨/બ.

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ-૨૮-૦૪-૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) કમિશનરશ્રી, યુવક સેવાઅને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગરનો તા.૦૪-૦૪-૨૦૧૬નો પત્ર ક્રમાંકઃયસપ/ યબઅ/નવી બાબત/ખ-૧/૧૮૩

ઠરાવઃ-

કમિશનરશ્રી, યુવક સેવાઅને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરીની યુથ બોર્ડ શાખા દ્વારા હાથ ધરાતી પ્રવૃતિઓ અંતર્ગત મહિલા ઇન્ટરસ્ટેટ યુથ એક્ષચેન્જ પ્રોગ્રામમાટે સન ૨૦૧૬-૧૭ ના બજેટમાં મંજૂર કરાયેલ રૂા.૬/-લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા કરાયેલ દરખાસ્ત વિચારણામાં હતી.

પુખ્ત વિચારણાને અંતે કમિશનરશ્રી, યુવક સેવાઅને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરીની યુથ બોર્ડ શાખા દ્વારા હાથ ધરાતી પ્રવૃતિઓ અંતર્ગત મહિલા ઇન્ટરસ્ટેટ યુથ એક્ષચેન્જ પ્રોગ્રામ માટે વર્ષ ૨૦૧૬-૧૭ ના બજેટમાં મંજૂર કરાયેલ રૂા.૬/- (અંકે રૂપિયા છલાખ પુરા)ની નવી બાબતને નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ મંજૂરી નીચે મુજબની શરતોને આધિન રહેશે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી નિતીની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫ આ અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૬ આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે. નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરનડર કરવાની રહેશે.

૭. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. પ્રવર્તમાનયોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૯. આ ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૬ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૮-૨૨૦૪-ખેલકૂદ અને યુવક સેવાઓ-૧૦૩-વિદ્યાર્થીઓ સિવાયના યુવક માટે કલ્યાણ કાર્યક્રમ-૦૨-ઇડીએન-૫૨-યુવક કલ્યાણની સંકલિત યોજના-૫૦૦૦-અન્યખર્ચ-આયોજન સદરે-૨૦૧૬-૧૭ના બજેટમાં મંજૂર કરેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો નાણા વિભાગની તા.૨૨/૦૪/૨૦૧૬થી વિભાગની સરખા ક્રમાંક પરની ફાઇલ પરની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાહુલ પટેલ )
ઉપસચિવ,
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ.

પ્રતિ,

- માનનીયરાજ્ય કક્ષા મંત્રીશ્રી (ર.ગ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, યુવક સેવાઅને સાંસ્કૃતીક પરવૃતિઓ ની કચેરી ગાંધીનગર.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (રમતગમત), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/ અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ક-શાખા, રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

## મહિલા ઇન્ટર સ્ટેટ યુથ એક્ષ્ચેન્જ પ્રોગ્રામ યોજવા અંગેની વિગતો દર્શાવતું

## પત્રક

### નવી બાબત-૨૦૧૬-૧૭

### સંભવિત ખર્ચની વિગત

| ક્રમ | યોજનાની વિગત | અંદાજીત રકમ રૂ. |
|---|---|---|
| ૧. | મહિલા ઇન્ટર સ્ટેટ યુથ એક્ષ્ચેન્જ પ્રોગ્રામ યોજવા માટે યુવતીઓનો પ્રવાસ ખર્ચને પહોંચી વળવા માટે<br>ટીમ લીડર/મેનેજર તથા યુવતીઓનો આવવા-જવાનો પ્રવાસ ખર્ચઃ- રૂ.૭૦૦ X ૩૫ વ્યક્તિ X ૨ ગ્રુપ =રૂ.૪૯,૦૦૦/ | રૂ.૪૯,૦૦૦/- |
| ૨. | ટીમ લીડર/મેનેજર તથા યુવતીઓનો નિવાસ ખર્ચ રૂ.૩૦૦ X ૩૫ વ્યક્તિ X ૧૦ દિવસ X ૨ ગ્રુપ =રૂ.૨,૧૦,૦૦૦/- | રૂ.૨,૧૦,૦૦૦/- |
| ૩. | ટીમ લીડર/મેનેજર તથા યુવતીઓનો ભોજન ખર્ચ રૂ.૧૨૫ X ૩૫ વ્યક્તિ X ૧૦ દિવસ ૨ ગ્રુપ =રૂ.૮૭,૫૦૦/- | રૂ.૮૭,૫૦૦/- |
| ૪. | ટીમ લીડર/મેનેજરનો પુરસ્કાર રૂ.૫૦૦ X ૦૫ વ્યક્તિ X ૧૦ દિવસ ૨ ગ્રુપ =રૂ.૫૦,૦૦૦/- | રૂ.૫૦,૦૦૦/- |
| ૫. | વાહન વ્યવહાર ખર્ચ જે તે રાજ્યમાં રૂ.૭૫,૦૦૦ X ૨ ગ્રુપ =રૂ.૧,૫૦,૦૦૦/- | રૂ.૧,૫૦,૦૦૦/- |
| ૬. | આનુસાંગિક ખર્ચ રૂ.૨૬,૭૫૦ X ૨ ગ્રુપ=રૂ.૫૩,૫૦૦/- | રૂ.૫૩,૫૦૦/- |
| | કુલઃ- | ૬,૦૦,૦૦૦/- |